# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 25-01-2025 Day : Saturday Morning : 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા રાષ્ટ્રને સંબોધન

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે પ્રજાસતાક દિવસની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રને સંબોધિત કરશે. આ સંબોધનનું આકાશવાણીના સમગ્ર રાષ્ટ્રીય નેટવર્ક પર સાંજે 7 વાગ્યાથી અને દૂરદર્શનની તમામ ચેનલો પર હિન્દીમાં અને ત્યારબાદ અંગ્રેજીમાં પ્રસારિત કરવામાં આવશે. દૂરદર્શન પર હિન્દી અને અંગ્રેજીમાં સંબોધનના પ્રસારણ પછી દૂરદર્શનની પ્રાદેશિક ચેનલો દ્વારા પ્રાદેશિક ભાષાઓમાં પ્રસારણ કરવામાં આવશે. આકાશવાણી તેના પ્રાદેશિક નેટવર્ક્સ પર રાત્રે 9.30 વાગ્યાથી પ્રાદેશિક ભાષાના સંસ્કરણોનું પ્રસારણ કરશે.

**-----------------------------------------------------------------------------------**

## રાજ્ય સરકાર દ્વારા મહાકુંભની યાત્રા સરળ બનાવવા બસ સેવા

શ્રદ્ધાળુઓ માટે મહાકુંભની યાત્રા સરળ બનાવવા રાજ્ય સરકારે દરરોજ અમદાવાદથી પ્રયાગરાજ એસી વોલ્વો બસ સેવા શરૂ કરી છે.

ગાંધીનગરમાં પત્રકારો સાથેની વાતચીતમાં વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ હતુ કે, આગામી 27 જાન્યુઆરીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગર સર્કિટ હાઉસથી આ સેવાનો પ્રારંભ કરાવશે. એસી વોલ્વો બસ દરરોજ સવારે સાત વાગે અમદાવાદનાં રાણીપ એસ.ટી. ડેપોથી પ્રયાગરાજ જશે.

પ્રયાગરાજ પેકેજનું બુકિંગ આજથી એસટી નિગમની વેબસાઈટ www. gsrtc. in મારફતે કરી શકાશે.

**-----------------------------------------------------------------------------------**

## કર્તવ્યથી પ્રજાસત્તાક દિવસની પરેડનું લાઈવ કવરેજ

આકાશવાણી અને દૂરદર્શન આવતીકાલે 26મી જાન્યુઆરીના રોજ કર્તવ્ય પથથી 76મા પ્રજાસત્તાક દિવસની પરેડના લાઈવ કવરેજ માટે સંપૂર્ણ રીતે સજ્જ છે. લાઇવ કવરેજનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક પર, WAVES OTT પ્લેટફોર્મ પરથી કરવામાં આવશે. ત્યારે માહિતી અને પ્રસારણ સચિવ સંજય જાજુએ આકાશવાણી અને દૂરદર્શન દ્વારા લાઇવ કવરેજ માટે કરવામાં આવેલી વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. શ્રી જાજુએ આકાશવાણી અને દૂરદર્શનની ટીમના પ્રયાસોની પ્રશંસા કરતા કહ્યું કે, દરેક વ્યક્તિ આ મહત્વપૂર્ણ રાષ્ટ્રીય પર્વના પ્રસારણને સુનિશ્ચિત કરવા માટે કામ કરી રહી છે. તેમણે કહ્યું કે પ્રજાસત્તાક દિવસની પરેડનું અવિરત પ્રસારણ સુનિશ્ચિત કરવા માટે કેમેરા અને ઓપ્ટિકલ ફાઈબર લાઈનો ગોઠવવામાં આવી છે.

---

## રાષ્ટ્રીય મતદાતા દિવસ

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવકુમારે કહ્યું છે કે રાષ્ટ્રીય મતદાતા દિવસ એ ચૂંટણીપંચની રચનાની ઉજવણી જ નહી પરંતુ તે લોકશાહીની ભાવનાનું સન્માન કરવાનો પણ એક ઉત્સવ છે.

૧૫મા રાષ્ટ્રીય મતદાતા દિવસની પૂર્વસંધ્યાએ ગઈકાલે નવી દિલ્હીમાં જાહેર કરાયેલા એક સંદેશમાં તેમણે કહ્યું કે આ વર્ષે રાષ્ટ્રીય મતદાતા દિવસ ખાસ છે કારણ કે ભારતીય ચૂંટણીપંચ રાષ્ટ્રની સેવાના ૭૫ વર્ષ પૂર્ણ કરી રહ્યું છે. મુખ્ય ચૂંટણી કમિશનરે કહ્યું કે, વર્ષ 2024માં, વિશ્વએ ભારત તરફ આશ્ચર્યથી જોયું હતું કારણ કે આ વખતની લોકસભાની ચૂંટણીમાં 64 કરોડ 60 લાખ લોકોએ મતદાન કરીને વિશ્વ રેકોર્ડ બનાવ્યો હતો.

---

## સ્મૃતિવન ખાતે હથિયારોનું પ્રદર્શન

જિલ્લા મથક ભુજના સ્મૃતિવન મેમોરિયલ એન્ડ મ્યૂઝિયમ ખાતે ગઈકાલે ૨૪ અને આજે ૨૫મી જાન્યુઆરી એમ બે દિવસ સુધી આર્મ્ડ ફોર્સ દ્વારા વિવિધ હથિયારોનું પ્રદર્શન યોજવામાં આવ્યું છે. સવારે ૯થી સાંજના ૫ વાગ્યા સુધી મુલાકાતીઓ વિવિધ હથિયારો જેવા કે, લાઈટ મશીનગન, એન્ટી-ક્રાફ્ટ મિસાઈલ, યુદ્ધમાં ઉપયોગી વિશાળ ટેન્ક વગેરે નિહાળી શકશે. આર્મીના નિષ્ણાંત તજજ્ઞો દ્વારા નાગરિકોને વિવિધ હથિયારો વિશે રોચક માહિતી આપવામાં આવી રહી છે. આ ઉપરાંત આર્મી બેન્ડ દ્વારા વિવિધ પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવી રહી છે.

આ હથિયાર પ્રદર્શનની રેન્જ આઇજી ચિરાગ કોરડીયા, બ્રિગેડિયર સુનેન્દ્રસિંઘ એસએમ, નિવાસી અધિક કલેક્ટર સહિત અધિકારી – પદાધિકારીઓએ મુલાકાત લીધી હતી. પ્રથમ દિવસે કચ્છની વિવિધ શાળાઓના બાળકો અને મુલાકાતીઓએ ઉત્સાહ ભેર પ્રદર્શનને નિહાળ્યું હતું.

---------------------------------------------------------------------------------------------

## ખાદી અને ગ્રામોધોગ વિકાસ યોજના

ખાદી અને ગ્રામોદ્યોગ વિકાસ યોજના અંતર્ગત ભુજ અને લુડિયા ખાતે વિવિધ કાર્યક્રમમાં 100 પરંપરાગત ચરખા અને માટીના વાસણ બનાવવાના 100 ઈલેક્ટ્રિક ચાકડા તથા 50  ટર્નવૂડ મશીનોનું વિતરણ કરાયું હતું. આ ઉપરાંત પીએમઈજીપી હેઠળ રૂા. 350 કરોડની માર્જિન મની સબસિડીનું ઓનલાઈન માધ્યમથી અંદાજે 9000 જેટલા કારીગરોના ખાતામાં વિતરણ કરાયું હતું. આ પ્રસંગે 2047ના વર્ષમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિકસિત ભારતની કલ્પનાને સાકાર કરવા સૌનો સહયોગ, જાગૃતિ અને વ્યવસ્થા પર ભાર મૂકાયો હતો.

---------------------------------------------------------------------------------------------

# ઠંડીમાં આંશિક રાહત

પવનની વધેલી ઝડપનાં કારણે ફરી એકવાર ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. નલિયા ખાતે લઘુતમ ઉષ્ણતામાન 7.2 ડિગ્રીએ પહોચતા વિશેષ રીતે વહેલી સવાર અને મધ્યરાત્રિ દરમિયાન કડકડતી ઠંડીનો અનુભવ થયો હતો. જો કે જિલ્લાના અન્ય વિસ્તારમાં લઘુતમ ઉષ્ણતામાનમાં ખાસ વધારો ન થતાં ઠંડીની તીવ્રતામાં આંશિક રાહત મળી હતી.

**------------------------------------------------------------------------------------------**